# સુરત મહાનગરપાલિકા
## વાહક જન્ય રોગનિયંત્રણ  વિભાગ, મુખ્યકચેરી
## અખબારી યાદી

**વિષયઃ-  સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય  વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છરજન્યરોગો તેમજ મચ્છરોનાં  નિયંત્રણ માટેની કામગીરી શરૂ કરવામાં આવી.**

સુરત મહાનગરપાલિકાનાં  આરોગ્ય  વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી  વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં  નિયંત્રણ માટે **ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો આજે શુભારંભ મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહનાં વરદ હસ્તે વેસ્ટઝોનનાં ભેંસાણગામનાં ડાંગરનાં ખેતરોથી કરવામાં આવ્યો.**

ડ્રોન આર્ટીફીશીયલ AI ,મશીન લર્નિંગ ML નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની  ઇમેજ કલાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ  કરવાની કામગીરી કરે છે. જે સ્થળોએ  ગ્રાઉન્ડ ટીમો દ્વારા કામગીરી શકય ન હોય ત્યાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરોનું  નિયંત્રણ કરવામાં છે. સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનમાં ડાંગરનાં ખેતરો, સીપેજ કેનાલો, ખાડીઓ, તળાવો કે જયાં મેન્યુઅલી જંતુનાશક  દવાનો છંટકાવ શકય નથી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરવા હાલમાં બે ડ્રોન કામે લગાવવામાં આવ્યા છે. આગામી ચોમાસાની ઋતુમાં સર્વેલન્સ ડ્રોન દ્વારા ઇન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ અને રહેણાંક  વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરી મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો શોધી  ઉપરોકત પધ્ધતિ મુજબ જ તેનો નાશ કરવામાં આવશે. ડ્રોન દ્વારા સર્વેલન્સ દરમિયાન જે લોકોનાં ઘરની છત પર ખુલ્લી ટાંકીઓ,નકામો કાટમાળ કે જેમાં વરસાદનું પાણી ઘેરાઇ રહી  મચ્છરોની ઉત્પત્તિ થવાની સંભાવના છે  તેવા સ્થળો શોધી તેની ઇમેજ કલાઉડ  બેજ પ્લેટફોર્મ  પર ગ્રાઉન્ડ ટીમને મોકલશે અને ગ્રાઉન્ડ ટીમ દ્વારા તેના  નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. જે સ્થળે મેન્યુઅલી જંતુનાશક દવા છંટકાવ શકય નહી હોય ત્યાં ડ્રોન દ્વારા  દવા છંટકાવની  કામગીરી કરવામાં આવશે  વધુમાં, જે ઇસમો  દ્વારા વારંવાર આ પ્રકારની બેદરકારી દાખવવામાં આવશે તો ડ્રોનની ઇમેજ અને લોકેશનના આધારે આવી જગ્યા આઇડેન્ટીફાઇ કરી તેવા ઇસમોની સામે ધી જી.પી.એમ.સી એકટની જોગવાઇઓ મુજબ  શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

આજનાં ડેમો કાર્યક્રમમાં મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહ, ડ્રેનેજ કમિટિ ચેરમેન શ્રી કેયુરભાઇ ચપટવાલા, કોર્પોરેટરશ્રી અજીતભાઇ પટેલ, કોર્પોરેટર શ્રીમતિ ગૌરીબેન સાપરીયા, ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે.એન્ડ હો.) શ્રી ડો.આશિષભાઇ નાયક, ડેપ્યુટી કમિશ્નરશ્રી ધર્મેશ  મિસ્ત્રી તેમજ આરોગ્ય  વિભાગનાં  વિવિધ અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ હાજર રહેલા.

જનસંપર્ક  વિભાગ
સુરત મહાનગરપલિકા
સમાચાર યાદી નં. ૦૨
તા. ૦૧/૦૪/૨૦૨૫




સુરત મહાનગરપાલિકા









